ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૭ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રીઝ
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૧૯ ટકા

ગાંધીનગર તાપમાન

# વિદેશ નોકરીના બહાને પતિએ પત્નિને તરછોડી

## ફોરેન જઈને પતિએ તબક્કાવાર ૧૧ લાખ રૂપિયા સેટલ થવા માટે મંગાવ્યા ને હવે બોલાવતો નથી : ફોરેન સીટીઝન યુવતી સાથે લગ્ન કરી ત્યાં સેટલ થઈ જઈશ પછી તને બોલાવી લઈશ તેમ કહીને પતિએ છુટાછેડા પણ લઈ લીધા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરની એક પરિણીતાને તેના પતિએ વિશ્વાસમા લઈને ફોરેનમાં નોકરી શોધવા જવાનું કહીને ફોરન જઈ પત્નિને તરછોડી મુકી હોવાની પોલિસ ફરિયાદ સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં નોંધાવા પામી છે. પતિએ ફોરેન સેટલ થઈને પત્નિને બોલાવી લેવાના સપનાઓ બતાવી પત્નિ પાસેથી તબક્કાવાર સેટલ થવાના બહાને રૂ. ૧૧ લાખ મંગાવી હવે પત્નિને બોલાવતો ન હોવાની ફરિયાદ નોંધાઈ છે. તે ઉપરાંત પત્નિને એ વિશ્વાસમાં લીધી કે ફોરેન સીટીઝન યુવતી સાથે લગ્ન કરી ત્યાં સેટલ થઈને પછી તને પણ બોલાવી લઈશ. તેમ કહીને આવું કરવા કાગળ ઉપર છુટાછેડા લેવા પડશે તેમ કહી છુટાછેડા પણ લીધા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. સે-૭ પોલિસે પતિ સામે ગુનો નોંધાવતા પોલિસે વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક રાયસણ ખાતે સાર્થક હોમ્સ બંગ્લોઝમાં રહેતી પરિણીતા બર્ખાબેન દવેના લગ્ન ૨૦૧૦માં સે-૩-બી પ્લોટ નં. ૨૭૨/૨ ખાતે રહેતા વિનય અજયકુમાર કરૂમાનપરમબીલ સાથે થયા હતા. ત્યારબાદ બંને પતિ-પત્નિ પુનામાં નોકરી કરવા ગયા હતા. ત્યાંથી પતિ વિનય દુબઈ નોકરી શોધવા પત્નિને પુના મુકીને ગયો હતો. ત્યારબાદ પુનાથી બર્ખા સે-૩માં સાસરીએ રહેવા આવી ગઈ હતી. પતિ વિનય દુબઈથી પરત ઘરે પણ આવી ગયો હતો. દુબઈ નોકરી મળી જતા આઠ મહિના બાદ ત્યાં જતા રહેલા અને ત્યારબાદ સ્ટુડન્ટ વિઝા મેળવીને લંડન જતો રહ્યો હતો. લંડનમાં કોલેજ ફી ભરવાનું કહી પત્નિ પાસે ટુકડે ટુકડે ત્રણ વર્ષમાં રૂ. ૧૦,૯૪,૪૩૦ મંગાવ્યા હતા જે બાર્ખાબેને અલગ અલગ બેંકોમાંથી લોન લઈને લીધા હતા. ત્યારબાદ લંડનમાં સીંગલમેન તરીકે નોકરી કરવાની હોવાથી છુટાછેડા લઈ લઈએ અને જેવો હું નોકરીમાં સેટ થઈ જઈશ એટલે તને ત્યાં લંડન બોલાવી લઈશ તેવું કહી ભવિષ્યના સપનાઓ બતાવી છુટાછેટા લેવડાવી દીધા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં પણ અઢી લાખ પતિના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. ત્યારબાદ પતિનો ફોન આવ્યો કે ઓસ્ટ્રેલિયામાં નોકરીની સારી તકો છે તો હું હાલમાં ઓસ્ટ્રેલિયાની કોઈ સીટીઝનશીપ ધરાવતી છોકરી સાથે લગ્ન કરી લઈશ અને ઓસ્ટ્રેલિયાની સીટીઝનશીપ મળી જાય ત્યાર બાદ તને પણ ઓસ્ટ્રેલિયા બોલાવી લઈશ..! અને ફરી તારી સાથે લગ્ન કરી લઈશ. તેમ કહી પછી પત્નિ બર્ખાને ધીમે ધીમે તરછોડી મુકી હતી. સાસુ-સસરાએ પણ ઘરમાં આર્થિક તંગી હોવાના બહાના કાઢી પિયર મોકલી દીધી. તાજેતરમાં ઓસ્ટ્રેલિયાથી પતિ આવીને ગયો હોવા છતાં પત્નિને જાણ ન કરાતા તેણીની સાથે છેતરપીંડી થઈ હોવાની જાણ થઈ હતી. જે આધારે સે-૭ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલિસે ગુનો નોંધી પીએસઆઈ એસ.ડી. ચૌધરીએ વધુ તપાસ શરુ કરી છે.

## ઈન્ફોસીટી સ્કૂલના ખેલાડીઓ ટેકવાન્ડો ચેમ્પિયનશીપમાં ઝળકયા




ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સરગાસણ ખાતેની ઈન્ફોસિટી સ્કૂલના ખેલાડીઓએ તાજેતરમાં અમદાવાદની મહર્ષિ સાંદિપની સ્કૂલમાં યોજાયેલી ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. આ સ્પર્ધામાં ખેલાડીઓએ ૨ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૫ બ્રોન્ઝ સાથે કુલ ૯ મેડલ્સ જીત્યા હતા.

ટેકવોન્ડો ચેમ્પિયનશીપની સ્પર્ધામાં ઈન્ફોસિટી સ્કૂલના સ્મિત પટેલ અને આર્યન પટેલે ગોલ્ડ મેડલ્સ જીત્યા હતા. આ ઉપરાંત ધ્રુવ રાવલ અને વિશ્વ ચૌધરીએ સિલ્વર મેડલ્સ તથા પ્રિયાંશુ પ્રિયદર્શી, સાર્થક પટેલ, સ્વયં પટેલ, માનવ પટેલ અને તુષાર ઠાકોરે બ્રોન્ઝ મેડલ્સ જીત્યા હતા. તમામ વિજેતા ખેલાડીને શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા તથા પ્રમુખ વૈષ્ણવ ઉપરાંત પ્રિન્સિપાલ પ્રવિણાબેન અને અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીબેને સર્ટીફીકેટસ તેમજ મેડલ્સ એનાયત કર્યા હતા.

## વ્યાજખોરો સામે પોલિસે ફરિયાદ ના લેતા યુવાને કોર્ટના દ્વાર ખટખટાવ્યા

### કોર્ટે ઈન્ફોસીટી પોલિસને તપાસ કરી એક મહિનામાં રીપોર્ટ કરવાનો આદેશ કર્યો : વ્યાજખોરો ઉપર પોલિસની રહેમનજર હોવાથી બેફામ બન્યા

ગાંધીનગર, તા.૧૪

ન્યુ ગાંધીનગરના કુડાસણમાં રહેતા યુવાનને તગડા વ્યાજ વસુલવા વ્યાજખોરો પઠાણી ઉઘરાણી કરી ત્રાસ આપતા હતા જે મામલે ઈન્ફોસીટી પોલિસ યુવાનની ફરિયાદ જ ના લેતા આખરે આ યુવાને કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. કોર્ટે યુવાનને સાંભળીને ઈન્ફોસીટી પોલિસને આ મામલે તપાસ કરી એક મહિનામાં રીપોર્ટ કરવાનો આદેશ કર્યો છે.

કુડાસણની સીમમાં આવેલી અક્ષત હેવન સોસાયટીમાં રહેલા વિમલ ભટ્ટે સે-૨બી પ્લોટ નં. ૧૪૩૦/૧માં રહેતા પ્રકાશ બાબરભાઈ દેસાઈ, નૈલેષ બાબરભાઈ દેસાઈ અને દશરથ બાબરભાઈ દેસાઈ પાસેથી દશ ટકા વ્યાજે રૂપિયા લીધા હતા તેની સાથે સે-૨-બીમાં રહેતા ઘનશ્યામ પંચાલ અને અમદાવાદના સંજય ભરવાડ, બળદેવ દેસાઈ અને હિતેશ રાવ પાસેથી પણ વ્યાજે રૂપિયા લીધા હતા. સે-૨માં રહેતી આ ગેંગ દ્વારા ધમકી આપવામાં આવતી હતી કે પોલિસમાં અમારા સગાઓ છે તારું મકાન અમે લઈ લઈશું. પોલિસમાં તને ફસાવી દઈશું. વ્યાજે લીધેલા રકમ કરતા પણ વધુ વ્યાજ ખંખેરી લેવાયું હોવાનો આક્ષેપ છે તેમ છતાં મોબાઈલ, ઘડિયાળ અને કાર પણ પઠાણી ઉઘરાણી કરીને લુંટી લેવાઈ હોવાનો આક્ષેપ છે. આ બધા વ્યાજખોરોથી કંટાળીને ઈન્ફોસીટી પોલિસ સ્ટેશને તેમના સામે ફરિયાદ નોંધાવવા આ યુવાન અનેકવાર ગયો પરંતુ પોલિસ ફરિયાદ જ લેતી ન હોવાથી આખરે યુવાન ગાંધીનગર કોર્ટના શરણે ગયો હતો. કોર્ટે સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ પોલિસને એક મહિનામાં તપાસ કરી રપોર્ટ કરવા આદેશ કર્યો છે.

## ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ના નિવૃત્ત અધિકારીઓની ચિંતન શિબિર યોજાઈ





ગાંધીનગર, તા.૧૪

રાજયના શિક્ષણ ખાતામાંથી વર્ષો પહેલા નિવૃત્ત થયેલા વર્ગ-૧ અને તેની ઉપરની કક્ષાના અધિકારીઓની શિક્ષણ વિષયક મુદ્દાઓ ઉપર નિવૃત્તિ પછી શિક્ષણ વિશે ચિંતા અને ચિંતન કરવામાં આવ્યું હતું. આ પહેલની શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સરાહના કરી મંત્રીશ્રીએ નિવૃત્તોની શિબિરની આ શરૂઆતને આવકારી અને જણાવ્યું કે જો નિવૃત્ત થયેલા શિક્ષણ વિભાગના અધિકારીઓ પોતાના અનુભવ અને જ્ઞાનનો ઉપયોગ કરી શિક્ષણ સુધારણા માટેના કોઈ સુચનો કરશે તો શિક્ષણ વિભાગ તેને આવકારી તે દિશામાં યોગ્ય કાર્યવાહી કરશે તેમ શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું.

એસ.જી. હાઈવે પાસે આવેલ ઉમિયા કેમ્પસમાં ગત ચોથી માર્ચના રોજ શિક્ષણ વિભાગના અંદાજે પાંસઠ જેટલા નિવૃત્ત શિક્ષણ અધિકારીઓની એક શિક્ષણ વિષયક ચિંતન શિબિરમાં શિક્ષણ વિભાગના નિવૃત્ત નિયામકો પૈકી આર.સી. રાવલ તથા ડૉ. નલિન પંડિતે પ્રવર્તમાન શિક્ષણના કેટલાક સંવેદનશીલ મુદ્દાઓ પૈકી એઆરસી, આરટીઈ, માતૃભાષા, ખાનગીકરણ વગેરે ઉપર ચર્ચા કરી હતી સાથે નિવૃત્ત સિનિયર અધિકારીઓમાં ડૉ. અંબુભાઈ પટેલ, પી.પી. હિંગુ, આઈ.એમ. પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

આ શિબિરમાં રાજયના સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, દાહોદ, વડોદરા, બનાસકાંઠા જેવા દૂર દૂરના જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં નિવૃત્તો-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષે આ રીતે એક શિબિર યોજવાનું નક્કી કરાયુ હતું. આ શિબિરનું સમગ્ર સંચાલન તથા આયોજન નિવૃત્ત ડીઈઓ જી.બી. પટેલ તથા મહેસાણા ડીઈઓ જી.ડી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડિવાઈન જૂનિયર પ્રિ સ્કૂલ ખાતે હેલ્ધી બેબી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

બાળક એ માતા-પિતા માટે ભગવાનની અમુલ્ય ભેટ છે. અને જયારે એમાં પણ એમની તંદુરસ્તીની વાત આવે ત્યાં માતા-પિતા ખુબ જ સાવચેતી રાખે છે. ત્યારે ગાંધીનગરની ડિવાઈન જૂનિયર પ્રિ સ્કૂલ ખાતે ગત્ તા.૧૧ માર્ચને રવિવારના રોજ બેબી હેલ્ધી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૪૨ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




ગાંધીનગર શહેરની ડિવાઈન પ્રિ સ્કૂલ ખાતે હેલ્ધી યોજાયેલ બેબી હેલ્ધી સ્પર્ધામાં ડિવાઈન પ્રિન્સ તરીકે હર્ષિલ રાવલ, તેમજ જયન પ્રજાપતિ, ડિવાઈન પ્રિન્સેસ ધ્રુવી સોની, તથા હિરવા ગજ્જર, હેલ્ધી બેબી અવિજ્ઞા, સ્વરા ચૌધરી, વીરા આચાર્ય, સ્માઈલી બેબી તરીકે રીવા ઠક્કર, વ્રજ, ત્વિષા, કહાન, તેવી જ રીતે હેલ્ધી બેબી તરીકે પર્વ, વીહા, વૈશ્વિ વિજેતા જાહેર થયા હતા. ઉપરાંત રુદ્ર પટેલને સ્ટાર ઓફ ધ ડે જાહેર કરવામાં આવ્યો હતો. દરેક વિજેતાને ઈનામ આપીને નવાજવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડો.ગીતા ચૌધરી (પીડીયાટ્રીસીયન), યશદીપ હોસ્પિટલ તથા કોમલ પટેલ (હેલ્થ ફિટનેસ એક્ષપર્ટ), આસ્થા હેલ્થ ખાસ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ડિવાઈન જુનિયરના ફાઉન્ડર ગીરા ચૌધરી અને વિનોદ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમના સંચાલનમાં હેડ ટીચર હર્શિદાબેન શુકલા તથા સ્ટાફનો ફાળો વધુ રહ્યો હતો.



## સે-૧૬ પ્રાથમિક શાળાના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ

પ્રાથમિક શાળાના બાળકો માટે પુસ્તકિયા જ્ઞાન ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ પણ એટલી જ ઉપયોગી હોય છે. આ અંતગર્ત સેકટર-૧૬ની સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં બાળકોને ઉત્તર ગુજરાતના યાત્રાધામો, મઓલી, બહુચરાજી, શંખલપુર, પીપળીધામ ઉપરાંત વર્ણીન્દ્રધામ પાટડી વગેરેની મુલાકાત કરાવાઈ હતી. બાળકોએ સમગ્ર પ્રવાસને આનંદ અને ઉલ્લાસથી માણ્યો હતો તથા માર્ગદર્શક શિક્ષકો પાસેથી સ્થળો અંગે મહત્વની જાણકારી પણ પ્રાપ્ત કરી હતી.

## પોલિસને જોઈને યુવાન તેનું બાઈક અને બિયર ભરેલો થેલો ફેંકીને ભાગ્યો

ગાંધીનગર, તા.૧૪

ચિલોડા પોલિસ કાલે ચંદ્રાલા પાસે આગમન હોટલ નજીક પેટ્રોલીંગમાં હતી. દરમિયાન મજરા તરફથી આવી રહેલા રાજસ્થાન પાસીંગના બાઈક પાછળ એક થેલો ભરાયેલો જોઈ પોલીસને શંકા જતા તેને ઉભું રહેવા ઈશારો કર્યો હતો. બાઈક ચાલક પોલિસને જોઈને ભાગ્યો હતો. પોલીસે તેનો પીછો કરતા થોડે આગળ જઈ અંધારામાં બાઈક અને થેલો બંને ફેંકીને યુવાન રફફુચક્કર થઈ ગયો હતો. પોલિસે થેલામાં તપાસ કરતા અંદરથી ૩૩ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. ચિલોડા પોલિસે રૂ. ૩૩૦૦ની બિયર અને બાઈક જપ્ત કરી વધુ તપાસ શરુ કરી છે.

# જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા આહાર ફુડ ફેસ્ટીવલ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે તાજેતરમાં જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા આહાર ફુડ ફેસ્ટીવલ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પૂ. પ્રસન્નકીર્તિસાગર સુરી મ.સા. તથા પૂ. મુનીવર્ય ભવ્ય કીર્તિસાગર સુરી મ.સા. ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જયારે આહાર ફુડ ફેસ્ટીવલમાં મહિલાઓએ લાઈવ બ્રેડ, પાઉં, ચીઝ, બટર, મેક્સિકન, ઈટાલીયન વગેરે વાનગી ઘરની ચીજવસ્તુઓ દ્વારા તૈયાર કરાઈ હતી. આહાર કાર્યક્રમમાં ૮૦૦થી વધુ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

શહેરના ટાઉનહોલ ખાતે યોજાયેલા આહાર કાર્યક્રમમાં ઉપસ્થિત જૈનાચાર્ય પ.પૂ. આચાર્ય પ્રસન્નકીર્તિસાગર સુરી મ.સા.તથા મુનીવર્ય ભવ્ય કીર્તિસાગર સુરી.મ.સા.એ સાત્વિક આહારનું સુંદર મહત્વ સમજાવ્યું હતું. વધુમાં તેઓએ આહાર વિશે સમજાવતા જણાવ્યું હતું કે આહાર આશકિત દુર કરવા માટે હોય, અશકત થવા માટે નહી, સાત્વિક આહાર લેવાથી સાદુ પવિત્ર જીવન જીવી શકાય છે. જીવ સંસારના દુઃખમાં છે. તેનું મુખ્ય કારણ શરીર છે. શાસ્ત્રોમાં શરીર રહિત અવસ્થા દુઃખ રહિત ગણાવી છે. શરીર છે માટે આહારની જરુર પડશે, પરંતુ આહાર સાત્વિક લેવો જોઈએ, રાજસી અને તામસી આહાર છોડી દેવો જોઈએ. સાત્વિક આહાર લેવાથી બળ, બુધ્ધિ, સાત્વિક બને છે અને જીવન સાદુ પવિત્ર જીવી શકાય છે. અન્ન તેવો ઓડકાર અને અન્ન તેવું મન આમ આવો સાત્વિક આહાર ઘરે જ બનાવી શકાય તે માટે અમદાવાદથી ખાસ કુકીંગ નિષ્ણાંત હીના ગૌતમ, ગીતા ખુમાન તથા નીતા શાહ આવ્યા હતા. તેઓએ લાઈવ બ્રેડ, પાઉં, ચીઝ-બટર, મેક્સિકન, ઈટાલીયન સહિતની વાનગીઓ ગણતરીની મિનીટોમાં તૈયાર કરી હતી. આ તમામ વાનગીમાં ઘરની જ ચીજવસ્તુઓ વાપરીને કેવી રીતે હેલ્ધી બનાવી શકાય તે શિખવ્યું હતું.





મહિલાઓ જો સાત્વિક અહિંસક અને ભક્ષ્ય આહારનો આગ્રહ રાખતી થઈ જાય તો ઘરમાં હંમેશા આનંદ રહે કહીને પૂ.જૈનાચાર્યએ જણાવ્યું હતું કે અવનવી વાનગીઓ ઘરમાં ન બને તો બાળકો હોટલમાં જમવા જાય ત્યાં ગમે તે વ્યકિત જમવાનું બનાવે, હાનિકારક પદાર્થોનો ઉપયોગ થતો હોય સ્વચ્છતા ન જળવાતી હોય આવા ખોરાકની અસર બાળકોના વિચારો પર પડે છે. જેથી મહિલાઓ ઘરમાં જ જાતે અવનવી સાત્વિક વાનગીઓ બનાવતા શીખે એ આશયથી ગાંધીનગર જૈન સોશ્યલ ગ્રુપના પ્રમુખ વી.બી.શાહ, કૌશિકભાઈ શાહ, હિતેશભાઈ કોઠારી, જાગૃતિ લાખાણી, વીણા વોરા, અને જાગૃતિ સંઘવીએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## @ગાંધીનગર

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા બહેનોને બાળપણની યાદ અપાવતી રમત ગમતનો કાર્યક્રમ બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન બ્રહ્મસમાજ સે-૧૬ ખાતે યોજાશે.

● સત્યાર્થી ટ્રસ્ટ સંચાલિત ગાંધી યુથ કલબ દ્વારા ભોજન સહાય કાર્યક્રમ સાંજે ૬.૩૦ કલાકે સે-૭ શાકમાર્કેટ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ઘ-૧ થી ગ-૧ તરફના માર્ગે વન વિભાગ દ્વારા વૃક્ષોનું ટ્રીમીંગ હાથ ધરવામાં આવ્યું છે. ટ્રીમીંગની કામગીરીના પગલે આ માર્ગના વાહન ચાલકોને હવ વાહન હંકારવામાં વધુ સલામતી અનુભવાશે તેમજ રાહદારીઓને પણ સરળતા રહેશે.

● ગુજરાત વિધાનસભામાં છુટ્ટા હાથની મારામારી અને ગંદી ગાળો બોલવા સાથેના બનેલી શરમજનક ઘટના ક્રમના પાટનગરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. સમગ્ર દિવસ દરમિયાન આ ઘટનાક્રમ ટોક ઓફ ધ ટાઉન બની રહેવા પામ્યો હતો અને નાગરિકોએ તેમના ચુંટેલા પ્રતિનિધિઓના વરવા સ્વરૂપ સામે રોષ વ્યકત કર્યો હતો.

● ગાંધીનગર પાસેના ત્રિમંદિર ખાતે સોમવારે અમદાવાદના એક દર્શનાર્થી પોતાના જીજાજીની કાર લઈને દર્શન કરવા આવ્યા હતા. આ કાર ત્રિમંદિરથી ચોરાઈ જવા પામી હતી. જે અંગેની પોલિસ ફરિયાદ દર્શનાર્થીએ નોંધાવી છે.

## ગાંધી યુથ કલબ દ્વારા સે-૭ શાકમાર્કેટ ખાતે ભોજનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

સત્યાર્થી ટ્રસ્ટ સંચાલિત ગાંધી યુથ કલબ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. ત્યારે તા.૧૫ ને ગુરુવારના રોજ સેકટર-૭ શાકમાર્કેટ ખાતે ભોજન સહાય કાર્યક્રમનું આયોજન સાંજે ૬.૩૦ કલાકે કરવામાં આવ્યું છે.કોઈપણ ધર્મ,જાતિ અથવા અન્ય ભેદભાવ વિના જરુરીયાતમંદ, વૃદ્ધજન, દિવ્યાંગ વ્યકિતઓ માટે સ્થળ પર જ જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો લાભ લેવા જાહેર જનતાને ગાંધી યુથ કલબના ટ્રસ્ટી બિપિન શાહે અનુરોધ કર્યો છે.

## ફાગણ માસની શિવરાત્રી પંચદેવ મંદિર ખાતે ઉજવાશે

ગાંધીનગર, તા.૧૪

ફાગણ માસની શિવરાત્રી શ્રી એકલિંગજી ત્રિવેદી મેવાડા અને ભટ્ટ મેવાડા પરિવારના સહયોગમાં તા. ૧૬-૩-૨૦૧૮ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે પંચદેવ મંદિર, સે-૨૨ ખાતે યોજવામાં આવેલ છે તો દરેક સભ્યશ્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ઉદાજી તલાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. મંગુબેન બાબુભાઈ ભીલ, ઉ.વ. ૭૫
- સ્વ. જયંતિલાલ મંગળદાસ ગાંધર્વ, ઉ.વ. ૬૮
- સ્વ. ડાહીબેન રણછોડભાઈ પટેલ, ઉ.વ. ૯૦